©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 28th AUGUST, 2025/BHADRA 06, 1947 [No. 5653

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯, નિયમ-૨૬ (૯)

નગર રચના યોજના વડોદરા નં. ૬૦ (ગોત્રી)

આખરી યોજના

ક્રમાંક : નરયો/ન. નિ. ૨/નં. ૬૦ (ગોત્રી)/આખરી યોજના/૫૯૮૫/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯, નિયમ-૨૬(૯) અનુસાર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ (૩) ની જોગવાઇ મુજબ મેં આજ રોજ તા. ૨૫-૦૮-૨૦૨૫, ને સોમવારના રોજ નગર રચના અધિકારી તરીકેના આખરી યોજના અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૯ ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે, જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો ''ડ'' મુજબ, યોજનામાં આવતી દરેક મિલ્કતના માલિકોને/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોકત નિર્ણયથી અસંતોષ થયો હોય તેવી, હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને/માલિકોને મારા નિર્ણયના ઉતારાની નકલ મળ્યેથી ૧(એક) માસની અંદર, જે નિર્ણયો અપીલને પાત્ર છે, તે માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૫ અનુસાર રાજય સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી (C/o. મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેક્ટર-૧૦/એ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, ચ-૩ ક્રોસ રોડ, ગુજરાત રાજય, ગાંધીનગર)ને જરૂરી કોર્ટ ફીનો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મુળ નકલ ઉપર લગાવી ત્રણ નકલમાં લેખિત અરજી મોકલી આપવાની રહેશે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત આખરી યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીની કચેરીમાં, જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ તે સમજાવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા. ૨૫-૦૮-૨૦૨૫
સ્થળ : વડોદરા.

સહિ/- અવાચ્ય
નગર રચના અધિકારી
નગર નિયોજક-૨
વડોદરા નગર રચના યોજના,
વડોદરા.

સરનામુ :
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
નગર નિયોજક-૨, વડોદરા નગર રચના યોજના,
કુબેર ભુવન, આઈ-બ્લોક, આઠમો માળે,
વડોદરા-૩૯૦૦૦૧.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.29 15:31:19 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot